# પ્રધાનમંત્રી મોદી ૨૧-૨૨ એપ્રિલે ગુજરાતના પ્રવાસે

**દાહોદથી મોદી રાજ્યમાં ચૂંટણીનું રણશિંગુ ફૂંકશે : ૨૨ એપ્રિલે સાંજે બનાસકાંઠામાં ૨ લાખ મહિલાઓના આદિવાસી સંમેલનને વડાપ્રધાન મોદી સંબોધન કરશે**



ગાંધીનગર, તા.૩૦

એપ્રિલ મહિનામાં પ્રધાનમંત્રી મોદી ૨ દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. જ્યાં તેઓ બે જંગી જનસભાને સંબોધન કરશે. ૨૧ અને ૨૨ એપ્રિલના પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી દાહોદથી વિધાનસભા ચૂંટણીનું રણશીંગુ ફૂંકશે. તેવી ટકોર ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે કાર્યકરોને કરી હતી. ૨૧ એપ્રિલે દાહોદ ખાતે આદિવાસી સંમેલનને પીએમ મોદી સંબોધન કરશે. જેમાં ૫ લાખથી વધુ આદિવાસીઓ હાજર રહેશે. દાહોદ, છોટા ઉદેપુર, મહીસાગર, પંચમહાલ અને વડોદરા જિલ્લાના કાર્યકરોને ભાજપ અધ્યક્ષે સંબોધન દરમિયાન લક્ષ્યાંક આપ્યો છે.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે, માર્ચ મહિનામાં પ્રધાનમંત્રી મોદીનું ભવ્ય સ્વાગત અમદાવાદમાં થયું હતું. જેમાં ચાર રાજ્યોની જીત બદલ અભિવાદન કરવામાં આવ્યું હતું. હવે પ્રધાનમંત્રી ગુજરાતની ચૂંટણી માટે આવી રહ્યા છે અને વિધાનસભાની ચૂંટણીનું રણશીંગુ દાહોદથી ફૂંકાશે. ૨૨ એપ્રિલે સાંજે બનાસકાંઠામાં ૨ લાખ મહિલાઓના સંમેલનને પીએમ મોદી સંબોધન કરશે. ભાજપ અધ્યક્ષે કાર્યકરોને ટકોર કરી કે, ચૂંટણી પહેલા પીએમ મોદી દાહોદ આવી રહ્યા છે અને પછી ચૂંટણી સુધી આવે કે નહીં કે ના પણ આવે.

આદિવાસી વિસ્તારોમાં પાર-તાપી- નર્મદા રિવર લિંક અપ યોજના નો કોંગ્રેસ વિરોધ કરી રહી છે તે સમયગાળામાં પીએમ મોદીનો દાહોદ પ્રવાસ ખૂબ જ મહત્વનો બની રહેશે. પીએમ મોદી દાહોદમાં કરોડોના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. બીજા દિવસે તેઓ બનાસકાંઠા જશે, બીજા દિવસે સાંજે એટલે કે ૨૨ એપ્રિલે પશુપાલક મહિલાઓના સંમેલનને સંબોધન કરશે. આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મહિલાઓની ભૂમિકા અંગે પીએમ વાત કરશે. એપ્રિલ મહિનામાં ૨ દિવસ પીએમ મોદી ગુજરાત પ્રવાસે રહેશે. જ્યાં અલગ અલગ જિલ્લાઓમાં વિકાસ કાર્યોનું ખાત મુહુર્ત અને લોકાર્પણ કરશે. પીએમ મોદીના દાહોદના સંબોધન બાદ ગુજરાતની રાજનીતિની આગામી દિશા નક્કી થશે. વહેલી ચૂંટણીની અટકળો પર પૂર્ણ વિરામ લાગશે કે અટકળોને વેગ મળશે તે પણ આ સંબોધનમાં સ્પષ્ટ થશે.

## ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં તત્વજ્ઞાન વિષયની પરીક્ષામાં ૭૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

**કોમર્સના બે સરળ પેપરોની સાથે સામાન્ય પ્રવાહમાં પણ તત્વજ્ઞાનની કસોટી સરળ પુરવાર થઇ**

ગાંધીનગર તા ૩૦

ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની જેમ પ્રશ્નપત્રો સરળ નિકળતા વિદ્યાર્થીઓ હળવાશ અનુભવી રહ્યા છે. કોરોના કાળ બાદ લાંબા સમયના અંતે બોર્ડની કસોટીનુ આયોજન કરાયુ છે ત્યારે વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. આજે સામાન્ય પ્રવાહમાં તત્વજ્ઞાન વિષયનુ પેપર વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ રહ્યુ હતુ જયારે જિલ્લામાંથી ૩૭૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૭૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા અન્વયે વિદ્યાર્થીઓએ આજે તત્વજ્ઞાન વિષયની કસોટી આપી હતી. જિલ્લામાંથી ગુજરાતી માધ્યમના ૩૭૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૭૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જયારે હીન્દી માધ્યમમાં ૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. અને અંગ્રેજી માધ્યમમાં આ વિષયની કસોટીમાં ૧૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે નોંધાયેલા કુલ ૩૮૦૯ વિદ્યાર્થીઓ પૈકી ૭૭ ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત કૃષિ વિદ્યા વિષયની કસોટીમાં ૧૦૮ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૨ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. સામાન્ય પ્રવાહમાં પણ ઈતિહાસ વિષયની પરીક્ષા બાદ તત્વજ્ઞાનનુ પેપર પણ વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ રહ્યુ હતુ. જયારે પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો નથી. ધો -૧૨ કોમર્સમાં પણ પ્રથમ નામાના મુળ તત્વો અને આંકડાશાસ્ત્રનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓની અડધી ચિંતા હળવી થઈ ગઈ છે. પરીક્ષાની શરૂઆત સારી થતા હવે વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ પણ વધ્યો છે. કોરોના કાળમાં લાંબા સમય બોર્ડની પરીક્ષા લેવામાં આવી રહી છે. ત્યારે આખુ વર્ષ ઓનલાઇન શિક્ષણનો ટ્રેન્ડ યથાવત રહ્યો હતો શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્યના દિવસો ઘણાં ઓછા રહ્યા હતા જેના લીધે આ વર્ષે વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન કોઇ મુશ્કેલી કે ન સમજાતા પ્રશ્નો મામલે પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે કાઉન્સિલરોની નિમણુંક કરવામાં આવી છે. જયારે પરીક્ષા પુર્વેના દિવસોમાં પણ વધારાના વર્ગોનુ આયોજન કરી પરીક્ષાર્થીઓની મુંઝવણ દુર કરવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. બોર્ડની પરીક્ષા શરૂ થયા બાદ મહત્વના બે થી ત્રણ વિષયનો પરીક્ષા શાંતિપુર્ણ રીતે સંપન્ન થઇ ગઇ છે.

## રાજ્યના દરેક ઘરમાં નળથી જળ પહોંચશે

**૧૬ જિલ્લાને ૧૦ ટકા નળથી જળ દ્વારા પાણી પહોંચતું થયું : વર્ષ ૨૦૨૨ ના અંત સુધીમાં રાજ્યના દરેક ઘરમાં નળથી જળ પહોંચાડવા સરકાર સંકલ્પબદ્ધ : પાણી પુરવઠા મંત્રી**

ગાંધીનગર, તા.૩૦

રાજ્યના જળસંપતિ અને પાણીપુરવઠા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨ ના અંત સુધીમાં રાજ્યના દરેક ઘરમાં નળ થી જળ પહોંચાડવા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. વિધાનસભાના પ્રશ્નોતરી કાળમાં પ્રત્યુત્તર આપતા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪ સુધીમાં સમગ્ર દેશમાં નળથી જળ પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે, ત્યારે ગુજરાત સરકાર દ્વારા બે વર્ષ પૂર્વે જ વર્ષ ૨૦૨૨ ના અંત સુધીમાં આ નિર્ધાર પૂર્ણ કરવા કટિબદ્ધતા દાખવી છે. ગૃહમાં દાહોદ જિલ્લામાં હર ઘર જલની સ્થિતિ અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ કહ્યું કે, દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ પૈકી દાહોદ તાલુકાના ૮૮ ગામોમાં રૂ.૧૦૩.૨૬ કરોડના કામો મંજૂર કરીને ૭૪૮૭૭ ઘરો પૈકી ૩૪૫૨૦ ઘરોમાં નળથી જળ પહોંચાડવામાં આવ્યું છે.

તેમણે ક્રમશઃ તાલુકા પ્રમાણે વિગતો આપતા જણાવ્યું કે, દાહોદ જિલ્લાના દેવગઢ બારિયામાં ૭૫ ગામોમાં રૂ.૪૬.૯૩ કરોડના ખર્ચે ૫૧૦૦૯ ઘરો પૈકી ૨૮૩૫૩ ઘરોમાં, ધાનપુર તાલુકાના ૬૬ ગામોમાં રૂ.૩૨ કરોડના ખર્ચે ૩૩૯૫૩ ઘરો પૈકી ૨૬૮૭૨ ઘરોમાં, ફતેપુરાના ૧૦૧ ગામો પૈકી રૂ. ૮૦.૮૦ કરોડના ખર્ચે ૪૮૧૬૫ ઘરો પૈકી ૩૪૬૧૬ ઘરોમાં, ગરબાળા તાલુકાના ૪૨ ગામોમાં રૂ.૩૬.૧૫ કરોડના ખર્ચે ૩૭૩૪૯ ઘરો પૈકી, ૨૦૭૯૩ ઘરોમાં, લીમખેડામાં ૮૦ ગામોમાં રૂ. ૫૭.૬૯ કરોડના ખર્ચે ૩૭૮૭૯ ઘરો પૈકી ૧૯૯૫૫ ઘરોમાં, સંજેલી તાલુકાના ૫૬ ગામોમાં રૂ.૩૦.૫૬ કરોડના ખર્ચે ૨૧૪૦૯ ઘરો પૈકી ૧૬૩૫૮ ઘરોમાં , સિંગવડ તાલુકાના ૫૭ ગામોમાં રૂ. ૩૫.૩૪ કરોડના ખર્ચે ૨૫૭૬૯ ઘરો પૈકી ૧૬૪૨૨ ઘરોમાં અને ઝાલોદ તાલુકાના ૧૦૫ ગામોમાં રૂ. ૧૦૮.૯૦ કરોડના ખર્ચે ૭૯૧૯૩ ઘરો પૈકી ૪૯૮૬૫ કામોમાં નળ સે જળ અંતર્ગત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

બાકીના ઘરોમાં ખૂબ જ ટૂંકાગાળામાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન સરકારે હાથ ધર્યું છે. વધુમાં ઋષિકેષ પટેલે કહ્યુ કે, રાજ્યના તમામ ગામો અને ફળિયાઓને સરફેસ સોર્સ આધારિત પાણીથી જોડવાનું આયોજન કર્યું છે. આ દરમિયાન લોકોને સમયસર નળના માધ્યમથી પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી જ્યાં જુથ યોજનાનું પાણી ઉપલબ્ધ નથી, તેવા ગામોમાં હયાત સ્થાનિક સ્ત્રોત આધારિત અને નવા સ્થાનિક સ્ત્રોતના માધ્યમથી પાણી પહોંચાડવાની કામગીરી કાર્યરત છે.



ગુજરાતમાં ચાલતી વહેલી ચૂંટણીની અટકળો વચ્ચે પ્રધાનમંત્રી આગામી એપ્રીલ માસમાં ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે.... ત્યારે આગામી વિધાનસભા ચુંટણી વહેલી યોજાવાના સંકેત મળતા હોય તેમ અમદાવાદમાં ચૂંટણી પ્રચાર માટે શહેરની વિવિધ જગ્યા પર પેઈન્ટીંગ કરાઈ રહ્યું છે.

## રાજ્યમાં RTE હેઠળ ૧૧ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

**આ વર્ષે ઇ્ઈ હેઠળ ૭૦ હજાર જેટલા બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવાની જાહેરાત કરવામાં આવી છે**

ગાંધીનગર,તા.૩૦

આજે રાજ્યભરની શાળાઓમાં ઈ્ઈ અંતર્ગત પ્રવેશ માટે પ્રક્રિયા શરૂ થશે. આજે ૩૦ માર્ચથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. વાલીઓને ૧૧ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાનું કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ઈ્ઈ હેઠળ ૭૦ હજાર જેટલા બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવાનું એલાન કરવામાં આવ્યું છે. રાજ્યના નબળા અને વંચિત જૂથના બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ધોરણ ૧માં પ્રવેશ અપાય છે. ત્યારે આજથી ફોર્મ ભરવાની શરૂઆત થઈ ગઈ છે. ખાનગી શાળાઓના ધોરણ-૧ માં આશરે ૭૦ હજાર બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ફોર્મ ભરી શકાશે. પ્રવેશ લેવા માટે વાલીઓએ ૧૧ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે. rte.orpgujarat.com વેબસાઈટ પર વાલીઓએ જરૂરી દસ્તાવેજ અપલોડ કરી અરજી કરવાની રહેશે. ૧૬ એપ્રિલ સુધીમાં આવેલી ઓનલાઈન અરજીઓની જિલ્લા કક્ષાએ ચકાસણી કરાશે. જેના બાદ ૧૭ થી ૧૯ એપ્રિલ દરમિયાન અમાન્ય અરજીઓમાં ખૂટતા ડોક્યુમેન્ટ અપલોડ કરવાની અરજદારોને તક અપાશે. અમાન્ય થયેલી અરજીઓ કે જેમાં ફરી ડોક્યુમેન્ટ અપલોડ થયા હશે એવી અરજીઓની પુન ચકાસણી ૧૭ થી ૨૧ એપ્રિલ દરમિયાન થશે.

## રાજ્યની તમામ ચેકપોસ્ટ CCTV કેમેરાથી સજ્જ કરાશે

**ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની મહત્વની જાહેરાત : સરહદી રાજ્યોમાંથી ઘુસાડવામાં આવતા દારૂને રોકવામાં ફેસ ડિટેક્શન સાથેના CCTV કેમેરા ખુબ ઉપયોગી થશે**

ગાંધીનગર, તા.૩૦

રાજ્યની તમામ ચેકપોસ્ટ CCTV કેમેરાથી સજ્જ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વિધાનસભામાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મહત્વની જાહેરાત કરી છે. હવેથી તમામ ચેકપોસ્ટ પર ફેસ ડિટેક્શન સાથેના આધુનિક CCTV કેમેરા લગાવાશે. દારૂની હેરાફેરીને રોકવા માટે CCTV કેમેરાનો ઉપયોગ થશે. સરહદી રાજ્યોમાંથી ઘુસાડવામાં આવતા દારૂને રોકવામાં ફેસ ડિટેક્શન સાથેના આધુનિક CCTV કેમેરા ખુબ જ ઉપયોગી થશે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા ગુજરાતમાં આવેલા તમામ ચેકપોસ્ટ બંધ કરવાનો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. જ્યારે ચેકપોસ્ટ શરૂ હતા, ત્યારે તેમાં કમ્પ્યૂટર, CCTV કેમેરા, વાયરો, ટેબલ-ખુરશી સહિતની વસ્તુઓ માટે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

પરંતુ સરકાર દ્વારા ચેકપોસ્ટ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતા તેમાં રહેલા કમ્પ્યૂટર, CCTV કેમેરા, વાયરો, ટેબલ-ખુરશી સહિતનો સામાન રામ ભરોસે મુકી દેવામાં આવ્યા હતા. અધિકારીઓ દ્વારા ચેકપોસ્ટની કોઈપણ પ્રકારની દેખરેખ ન રાખવાને પગલે ઉત્તર ગુજરાતમાં આવેલી દસ જેટલી ચેક પોસ્ટમાંથી કરોડો રૂપિયાના સમાનની ચોરી થયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

રિપોર્ટ અનુસાર, રાજ્ય સરકારના ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણયને પગલે શામળાજી, અંબાજી, ગુંદરી, સોનગઢ અને ભીલાડ, થાવર, અમીરગઢ, થરાદ, છોટાઉદેપુર અને દાહોદની ચેકપોસ્ટને અધિકારીઓ દ્વારા ખાલી કરી દેવામાં આવી હતી.

## પરીક્ષા આપવા માટે જાય એ પહેલાં જ વિદ્યાર્થી ઢળી પડ્યો

નવસારી, તા.૩૦

હાલ ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. ત્યારે નવસારીમાં પરીક્ષા આપવા જાય એ પહેલા જ એક વિદ્યાર્થી ઢળી પડ્યો હતો અને હોસ્પિટલ ખસેડાતા તેને મૃત જાહેર કરાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ધોરણ ૧૨ કોમર્સનો વિદ્યાર્થી પરીક્ષા આપવા જાય તે પહેલા તેને અચાનક જ છાતીમાં દુખાવો થતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવિાર દરમિયાન વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ થતા જિલ્લા કલેક્ટર, જિલ્લા શિક્ષણાધિકારી પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં પણ બોર્ડની પરીક્ષાના પહેલા દિવસે જ એક વિદ્યાર્થીને ખેંચ આવતા મોતને ભેટ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર આશાનગરમાં રહેતો ઉત્સવ નામનો વિદ્યાર્થી શહેરની વિદ્યાકૂંજ સ્કૂલમાં ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો હતો. મંગળવારે તે એકાઉન્ટનું પેપર આપવા ઉત્સવ કોલેજમાં જવાનો હતો. જોકે, પરીક્ષા પહેલા જ તેને બપોરે ૧ વાગ્યે છાતીમાં દુખાવો થતાં પરિવારને જાણ કરવામાં આવી હતી. જેથી ઉત્સવને તાત્કાલિક રેલવે સ્ટેશન નજીકની ખાનગી હોસ્પિટલ લઈ જવાયો હતો.

### ખોદકામથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ભંગાણ થતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. સે-૨૯ માં પણ આ સ્થિતિના લીધે બે ત્રણ દિવસ સુધી પાણીની સમસ્યા સર્જાઇ હતી જયારે આજે પણ સે-૨૩ માં સુમુખ એપાર્ટમેન્ટ પાસે પ્લોટ નં -૩૧૫ નજીક પાણીની લાઇનના ખોદકામ દરમિયાન આડેધડ ખોદકામના લીધે કેબલ તુટી જતા વિજ પ્રવાહ ખોરવાયો હતો. આકરી ગરમીના દિવસોમાં આ સોસાયટીમાં બપોરે બે કલાક સુધી વિજ પ્રવાહ બંધ રહ્યો હતો જેના લીધે રહીશો પરેશાન થઇ ગયા હતા. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે નવી લાઇન નાંખવામાં આવી રહી છે. પરંતુ આ લાઇનના ખોદકામ દરમિયાન સેકટરોમાં અન્ય યુટીલીટીઝ લાઇન ડીસ્ટર્બ થાય છે જેના લીધે પાણી ,ગટર કે વિજ પ્રવાહની સેવા ખોરવાઇ જાય છે. આ ઉપરાંત ગેસ લાઇન સંદર્ભે પણ તંત્રએ વિશેષ સાવધાની રાખવાની અનિવાર્યતા છે. પાણીની લાઇનના ખોદકામ દરમિયાન સેકટરોમાં વારંવાર ઉદભવતા પ્રશ્નો સંદર્ભે રહીશોએ પણ તંત્ર કક્ષાએથી સંબંધિત વિભાગની મંજુરી મેળવી કામગીરી હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ વ્યકત કરી છે. જેથી કોઇપણ પ્રકારના ફોલ્ટ કે ક્ષતિને ત્વરિત નિવારી શકાય તેમજ આ મામલે એવી પરિસ્થિતિ હોય તો સેકટરવાસીઓને પણ આ અંગે જાણ કરવામાં આવે તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

### નવા ફિડરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય ઊર્જામંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર તાલુકામાં ૨૦૨૦માં ૨૩ ફિડરો કર્યા અને તેની પાછળ ૩૫૧.૮૯ લાખનો ખર્ચ થયો. ૨૦૨૧માં ૧૨ ફિડરો કર્યા અને તે માટે ૨૮૮.૧૨ લાખનો ખર્ચ થયો.

કલોલમાં ૨૦૨૦માં નવ ફિડરો માટે ૧૧૯.૫૧ લાખનો ખર્ચ તો ૨૦૨૧માં ૪ નવા ફિડરો માટે રૂ. ૬૬.૧૫ લાખનો ખર્ચ, દહેગામમાં ૨૦૨૦માં ૧૩ નવા ફિડરો બનાવવા પાછળ ૧૭૫.૭૭ લાખનો ખર્ચ, ૨૦૨૧માં નવા નવ ફિડરો બનાવવા પાછળ ૧૬૫.૨૮ લાખનો ખર્ચ, માણસામાં ૨૦૨૦માં ૨ નવા ફિડર બનાવવા પાછળ રૂ. ૪૬.૨૭ લાખનો અને ૨૦૨૧માં ૧ નવુ ફિડર બનાવવા માટે ૧૭.૬૭ લાખનો ખર્ચ થયો છે.

જિલ્લામાં ૨૦૨૦માં ૪૭ નવા ફિડરો બનાવવા પાછળ રૂ. ૬૯૩.૪૪ લાખ અને ૨૦૨૧માં ૨૬ નવા ફિડર બનાવવા પાછળ રૂ. ૬૩૭.૨૨ લાખનો ખર્ચ થયો છે.

તેમણે એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે જિલ્લામાં કૃષિક્ષેત્ર માટે ૩૭ ફિડરો, જ્યોતિગ્રામ માટે ૧૯ ફિડરો, અર્બનમાં ૧૪ ફિડરો અને ઈન્ડસ્ટ્રીયલ એરિયા માટે ૩ ફિડરો આવેલા છે.

આ ફિડરોનું વિભાજન તેના નિયમોનુસાર કરવામાં આવતુ હોય છે.

### 3 ટકાનો વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજની કેબિનેટ બેઠકમાં ડીએમાં ૩% વધારાની જાહેરાત કરવામાં આવી છે. કર્મચારીઓના માર્ચના પગાર સાથે નવું મોંઘવારી ભથ્થું ખાતામાં ક્રેડિટ કરી દેવામાં આવશે.

હવે કર્મચારીઓ અને પેન્શનરોને ૩૪%ના દરે મોંઘવારી ભથ્થું (ડીએ વધારો) મળશે. ઔદ્યોગિક કામદારો માટેના કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ (એઆઈસીપીઆઈ ઈન્ડેક્સ)ના ડિસેમ્બર ૨૦૨૧ના સૂચકાંકમાં એક પોઇન્ટનો ઘટાડો થયો છે. તમને જણાવી દઈએ કે મોંઘવારી ભથ્થા માટે ૧૨ મહિનાનો સૂચકાંકનો સરેરાશ ૩૫૧.૩૩ થયો છે. જેના સરેરાશ ૩૪.૦૪% (મોંઘવારી ભથ્થું) છે. પરંતુ, મોંઘવારી ભથ્થું હંમેશા સંપૂર્ણ સંખ્યામાં આપવામાં આવે છે. એટલે કે, જાન્યુઆરી ૨૦૨૨ થી કુલ મોંઘવારી ભથ્થું ૩૪% થઈ જશે.

કેંદ્ર સરકાર ડીએને ૩ ટકા વધારવાનો નિર્ણય કર્યો છે. આ વખતે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં

(અનુસંધાન નીચેના પાને)

અંતિમ નિર્ણય લેવામાં આવ્યો છે. વધેલા મોંઘવારી ભથ્થાનો લાભ તમામ કેન્દ્રીય કર્મચારીઓને ૧ જાન્યુઆરી ૨૦૨૨ થી મળશે. હવે કર્મચારીઓ અને પેંશનધારકોને ૩૪ ટકા મોંઘવારી ભથ્થું આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલાં ૩૧ ટકાની જોગવાઇ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સરકારના આ નિર્ણયથી ૫૦ લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૫ લાખ પેંશનર્સને ફાયદો થશે. ત્યારબાદ આગામી મોંઘવારી ભથ્થાની ગણતરી જુલાઇ ૨૦૨૨ માં કરવામાં આવશે. ડિસેમ્બર ૨૦૨૧ માટે એઆઈસીપીઆઈ-આઈડબલ્યુ ના આંકડા જાહેર કરી દેવામાં આવ્યા છે. આ આંકડા અનુસાર ડિસેમ્બરમાં આ આંકડો ૦.૩ ટકા ઘટીને ૧૨૫.૪ પોઇન્ટ રહ્યો. નવેમ્બરમાં આ આંકડો ૧૨૫.૭ પોઇન્ટ પર હતો. અને ડિસેમ્બરમાં ૦.૨૪ નો ઘટાડો આવ્યો છે. પરંતુ તેનાથી મોંઘવારી ભથ્થામાં કોઇ અસર પડી નથી.

લેબર મિનિસ્ટ્રીના આંકડા અનુસાર નવેમ્બર ૨૦૨૧ માં એઆઈસીપીઆઈ-આઈડબલ્યુઈન્ડેક્સમાં ૦.૮ ટકાની તેજી આવી હતી અને આ ૧૨૫.૭ પર પહોંચી ગયો હતો. તેનાથી સ્પષ્ટ થાય છે કે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો થશે. હવે ડિસેમ્બર ૨૦૨૧ ના આંકડા અનુસાર ભલે સામાન્ય ઘટાડો આવ્યો છે, પરંતુ જાન્યુઆરી ૨૦૨૨ થી ડીએ ના વધારાની જાહેરાત થઈ ગઈ છે.

### ચોથી લહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક કેસ ભારતમાં પણ જોવા મળ્યા છે. સુધાકરે વિધાન પરિષદમાં કહ્યું છે કે ઓગસ્ટમાં દેશને ચોથી લહેરનો સામનો કરવો પડી શકે છે.ૅ-કાનપુરના વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરવામાં આવેલા ગાણિતિક મોડલમાં ઓગસ્ટમાં ચોથી લહેરની આગાહી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે ગયા મહિને હાથ ધરવામાં આવેલા ખાસ જીનોમ સિક્વન્સિંગ અભિયાનમાં દર્શાવવામાં આવ્યું હતું કે ૮૯.૬ ટકા નમૂનાઓમાં ઓમેક્રોન છે જ્યારે ૧૦ ટકામાં ડેલ્ટા અને અન્ય પ્રકારો છે. ઓમિક્રોનના નમૂનામાં પણ ૯૯.૧ ટકા મ્ઠ.૨ સબવેરિયન્ટ હતું. ઓમિક્રોનનું સબવેરિયન્ટ મ્છ.૨ સૌપ્રથમ ફિલિપાઈન્સમાં મળી આવ્યું હતું અને હવે તે ૪૦ જુદા જુદા દેશોમાં ફેલાયું છે, એમ તેમણે જણાવ્યું હતું. તેથી આપણે હાઈ એલર્ટ રહેવાની જરૂર છે.ૅ-કાનપુરે તાજેતરના ગાણિતિક મોડલ અને અભ્યાસના આધારે ભારતમાં ચોથી લહેરની આગાહી કરી હતી. તે જ યાદ કરતાં સુધાકરે કહ્યું કે રિપોર્ટ અનુસાર ભારતમાં ચોથી લહેર ઓગસ્ટમાં ટોચ પર પહોંચવાની શક્યતા છે. પરંતુ આપણે ગભરાવાની જરૂર નથી કારણ કે ભારતમાં વ્યાપક પ્રમાણ રસીકરણ થઈ ચુક્યું છે. કેટલાક અભ્યાસો અનુસાર ઓમિક્રોન સબવેરિયન્ટ મ્છ.૨ ના બે લાક્ષણિક લક્ષણો છે ચક્કર અને થાક. દર્દીઓમાં ચેપ લાગ્યાના ત્રણ દિવસ સુધી આ લક્ષણો હોઈ શકે છે. બીજું, આ પ્રકાર આંતરડાને વધુ અસર કરે છે, તેથી દર્દીઓને ઉબકા, ઝાડા, ઉલટી, પેટમાં દુખાવો, ગરમી અને પેટનું ફૂલવું જેવા લક્ષણો પણ અનુભવી શકે છે. જો આપણે તેના સામાન્ય લક્ષણો વિશે વાત કરીએ, તો તાવ, ઉધરસ, ગળામાં ખરાશ, માથા પર ઘા, સ્નાયુ થાક, હૃદયની ગતિમાં વધારો તેમાં શામેલ છે.

### ભલામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જામીન રદ કરવામાં આવે કારણ કે, હાઈકોર્ટે નિર્ણય સંભળાવતી વખતે તથ્યોની અવગણના કરી હતી. તેમણે કહ્યું કે, સરકારે પણ સોગંદનામામાં કહ્યું છે કે, હાઈકોર્ટમાં આશિષ મિશ્રાના જામીનનો વિરોધ કર્યો હતો.

હકીકતમાં લખમીપુર ખીરી હિંસા કેસમાં આરોપી કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાના જામીનને પડકાર આપતી અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકારના વલણ ઉપર સવાલ ઉઠાવ્યા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ કેસમાં એસઆઈટી અને સુપ્રીમ કોર્ટ તરફથી મોનિટરિંગ જજના રિપોર્ટમાં આશિષ મિશ્રાના જામીનને રદ કરવાની ભલામણ કરી છે. સુપ્રીમ કોર્ટે સોમવાર સુધીમાં જવાબ દાખલ કરવા માટે જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસની આગામી સુનાવણી હવે સોમવારે થશે.

સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશે રાજ્ય સરકારના વકીલને કહ્યું કે, એવું લાગી રહ્યું છે કે, તપાસની દેખરેખ રાખતી જીૈઇના રિપોર્ટ આરોપીના જામીન રદ કરવાની તરફેણમાં છે. તમારો શું અભિપ્રાય છે. રાજ્ય સરકારના વકીલે કહ્યું કે, આ સબંધમાં અમે રાજ્ય સરકાર તરફથી સૂચના મળ્યા બાદ જ જણાવી શકીશું. સુપ્રીમ કોર્ટે યુપી સરકારને લખમીપુર ખીરી મામલે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાની જમાનત રદ કરવા પર તેમનું વલણ પૂછ્યું? એસઆઈટીએ અધિક મુખ્ય સચિવને પત્ર લખીને કહ્યું હતું કે, મિશ્રાને આપવામાં આવેલ જામીનને પડકારવામાં આવે અને તેને રદ કરવામાં આવે.

### ભારત આવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત સાથેના સંરક્ષણ અને આર્થિક સમજૂતીઓ પર ના પડે. જેમાં રૂપિયા અને રુબલ પેમેન્ટ પર ચર્ચાનો સમાવેશ થઈ શકે છે. યુક્રેન સંકટને લઈને અમેરિકા અને ભારત વચ્ચે સંબંધોમાં તણાવ ચાલી રહ્યો છે, જે ખુલીને સામે પણ આવ્યો છે. પાછલા દિવસોમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને કહ્યું હતું કે સંભવતઃ ભારતને છોડીને આખું યુરોપ અને પ્રશાંત ક્ષેત્રમાં રશિયાના આક્રમણ સામે સંયુક્ત વલણ બનેલું છે. તેમણે એ પણ કહ્યું હતું કે ભારત આ મુદ્દે ક્વોડ સાથે 'અસ્થિર' છે. અમેરિકાના રાજકીય મામલાના અંડર સેક્રેટરી વિક્ટોરિયા નુલેન્ડે પણ ભારત સામે યુક્રેનનો મુદ્દો ઉઠાવ્યો હતો. નુલેન્ડે કહ્યું કે દુનિયાના લોકતંત્રોએ રશિયા અને ચીન જેવી સરમુખત્યારશાહી સામે એક સાથે ઉભા થવું જોઈએ, જેઓ સુરક્ષા માટે ખતરો બની ગયા છે. ભારત હજુ સુધી યુક્રેનમાં રશિયાના આક્રમણ અભિયાનનો વિરોધ કરવાથી દૂર રહ્યું છે. એટલું જ નહીં ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાની વિરોધમાં લાવાવમાં આવેલા મતદાનમાં પણ ભાગ લીધો નથી. ભારતે રશિયા સાથે આર્થિક સહયોગ યથાવત રાખ્યા છે અને તેલની આયાત પણ ચાલુ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેન અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે ઘણી વખત વાત પણ કરી છે. માનવામાં આવે છે ભારત અમેરિકાના દબાણ પછી પણ પોતાનું વલણ યથાવત રાખી શકે છે. સાથે જ આ સંકટના સમાધાન માટે બન્ને દેશો પણ દબાણ કરી શકે છે.